# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

રહ્યા નથી એ 'નાથ' પક્ષના કે ના-'રાજ' છે,
ઉપજતું નથી 'ગૃહ'માં પણ, નારાજ છે,
નારાજ રાજનાથને જવું છે સંગઠ્ઠનમાં -
આજ સુધીની કારકિર્દી તારાજ છે..
(સંઘ વડા સાથે મુલાકાતો)

## હાઈકુ

નજીબ જંગ
સામે કેજરીજીનો
અજીબ જંગ..
(હવે ACBમાં ભરતી)

ધ્યેય એમનું
ભારત-હિંદુસ્તાન,
નિશાન એક..
(સોમનાથ પ્રવેશ)

## ચિંતન

**મિત્ર વાન્સાધયત્યર્થાન્દુઃ સાધ્યાનપિ વૈ યતઃ । તસ્માન્મિત્રાણિ કુર્વીત સમાનાન્યેવ ચાત્મનઃ ॥**

'અનેક મિત્રોવાળો માણસ ગમે તેવાં દુષ્કર અને દુસાધ્ય કાર્યોને પણ સાધી શકે છે માટે માણસે આત્મતુલ્ય, પ્રેમવાળા મિત્રો કરવા જોઇએ.'

એક કહેવત છે પહેલો સગો પડોશી-આજના જમાના જયારે વિશ્વ તદ્દન સંકુચિત થઇ ગયું છે. એટલે કે વાહનની સુવિધાઓ અને યાંત્રિક સાધનો (મોબાઇલ-કોમ્પ્યુટર-ફેસબુક) ને કારણે હવે દૂરપણું રહ્યું જ નથી એક ક્ષણમાં સંદેશા-ફોટોગ્રાફ પહોંચી જાય છે ત્યારે મૈત્રી-સંબંધો સાચવી શકવાની સુવિધાઓ વધી જ છે. તમે શુભેચ્છા-અભિનંદન-આશ્વાસન-તરત જ પાઠવી શકો છો પહેલાં તમે કહેતા મને સમય ન મળ્યો. હવે સમય અને સાધન હાથવગાં જ હોય છે માત્ર તમારું મન અને ઇચ્છા જ સંબંધ અને લાગણીથી દૂર હોય છે.

દરેક સાથે સંબંધ સાચવવો - ભાંગ્યું ભૂંગરું પણ કામ આવે. મિત્રો-સંબંધીઓથી બધાં જ દુષ્કર કાર્યો પાર પડે છે.

## સુવિચાર

- ભલાઇ અને બુરાઇની ભેદરેખા પર જે આંગળી મૂકી શકે છે એ જ ઇશ્વરના ચરણ સ્પર્શ કરી શકે છે - **જીવનસૂત્ર**
- મૂર્ખતા ભરેલી નિંદા ખરાબ છે, પરંતુ અતિશયોક્તિ ભરેલી પ્રશંસા પણ એટલી જ તિરસ્કારને પાત્ર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસનું મન જ એને સ્વર્ગ કે નર્કમાં લઇ જાય છે, સ્વર્ગ કે નર્કમાં જવાની ચાવી ઇશ્વરે આપણા હાથમાં મૂકી દીધી છે - **ધર્મસૂત્ર**
- નિકટતાનો અર્થ જ એ કે સંબંધમાં અત્યંત જવાબદારી પૂર્વક વર્તવું - **રમેશ ઓઝા**
- સંબંધ જેટલો ભોગલક્ષી ઓછો, અને ત્યાગલક્ષી વધુ તેટલી જ એની આવરદા વધે - **જનકલ્યાણ**
- કરૂણા, અનુકંપા એટલે ત્યાગનો આરંભ, પરમાર્થનો પ્રારંભ, ને પરાર્થે જીવવાની તૈયારી - **અમૃતબિંદુ**
- સંસારે વિચારો પરસ્પર ધરી આસ્થા અને ધૈર્યથી સહેજે એકબીજા તણી ઊણપને - માંગલ્ય તેથી વધુ - **નવનીત**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ તો નેતાઓ થોડા (ફાનસના) પ્રકાશમાં આવે કે પોતાના 'ચાલીસા', 'આત્મકથા' અને પુસ્તકો પૈસા દઇ બીજાની પાસે 'આત્મ'કથા પણ લખાવે છે. કામ થોડું કરે ને ધજાગરા મોટા રાખે, બે ત્રણ જેવી-તેવી યોજનાના ઢંઢેરા પીટે! કામ ઓછું કરે બોલે વધારે...

આજકાલ જૂના સાચા, લોકશાહી માટે શહિદ થનારા અને પાયાના પથ્થર થઇ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ધરબાઇ જનારા નેતા સુભાષચંદ્ર, ગાંધીજી, મૌલાના, માલવીયજી, તિલક વગેરે પોતાના 'કાર્યો'ના પુસ્તક નથી લખ્યાં-લખાવ્યાં એના નામ વટાવી આજના નેતાઓ એને છાંયડે ટાઢક મેળવે છે.

એવું જ એક નામ છે જૂના સાચા નેતાશ્રી સુભાષચંદ્ર બોઝ - એમની પણ જીભ-વાણી પર સરસ્વતી હતાં ગાંધીજીની સામે પડી 'આઝાદ હિંદ ફોજ' ઊભી કરવી સરળ કામ ન હતું.

એમના વાણી પ્રભાવ અને વકતૃત્વશક્તિને કારણે જ ફોજ તૈયાર થઇ. વિશ્વયુદ્ધમાં પણ આ ફોજે મહત્ત્વનો ભાગ ભજવ્યો.

ત્યારે એમના એક સેનાપતિએ સુભાષ બાબુને સૂચન કર્યું. આપણે 'આઝાદ હિંદ ફોજ'ની સિદ્ધિઓ વિશે એક પુસ્તક બહાર પાડીએ તો?!

નેતાજીનાં ભવાં ખેંચાયાં, કપાળમાં ત્રિપુંડ તણાયાં અને બોલ્યા. પહેલાં ઇતિહાસનું સર્જન તો થાય. સ્વાતંત્ર્ય માટે કામ કરો પછી ઇતિહાસ લખનારા જાતે આપણા કાર્યોની નોંધ લઇ ઇતિહાસ લખશે!

Email - sureshchandrabhatt18@gmail.com

# ખાંડને સફેદ રંગની બનાવવા કયાં કોલસાનો ઉપયોગ થાય છે?

## વિજ્ઞાનજગત

(૧) દવા ભરવાની શીશી બનાવવા કયા પ્રકારનો કાચ વપરાય છે?
(અ) પાયરેક્સ (બ) ટફન ગ્લાસ
(ક) સાદો કાસ (ડ) સોડા કાચ

(૨) ઈન્ડિયન કેન્સર રીસર્ચ સેન્ટર ભારતમાં કયાં આવેલું છે?
(અ) કોલકત્તા (બ) મુંબઇ
(ક) દિલ્હી (ડ) પૂના

(૩) આંખના આંસુમાં આવેલા કયાં ઉત્સેચક વડે અમુક પ્રકારના દેડાણું બેકટેરીયા નાશ પામે છે?
(અ) પ્લાઝમોડિયમ (બ) બેન્ઝોઈન
(ક) સેલ્યુલોઝ (ડ) લાઈસોઝાઈમ

(૪) બુલેટપ્રુફ કાચની બનાવટમાં કયો કાચ વપરાય છે?
(અ) પાયરેક્સ (બ) ટફન ગ્લાસ
(ક) સોડા કાચ (ડ) એક્રેલીક ગ્લાસ

(૫) નીચેનામાંથી કયું તત્ત્વ જંતુનાશક તરીકે ઉપયોગમાં લેવાય છે?
(અ) બ્રોમીન (બ) આયોડીન
(ક) સલ્ફર (ડ) પોટેશિયમ

(૬) કયા વાયરસને જીવાણું ભક્ષક વાયરસ કહે છે?
(અ) બેકટેરીયા ફેઝ (બ) નાઈટ્રોફાંઈગ
(ક) લેકટોબેસીલસ (ડ) લેપ્રેસીના બેકટેરીયા

(૭) શરીરમાં ઈન્સ્યુલીન કઈ ગ્રંથીમાં તૈયાર થાય છે?
(અ) પીટ્યુટરી (બ) એડ્રીનલ
(ક) થાઈરોઈડ (ડ) પેન્ક્રિયાસ

(૮) સાઈટ્રીક એસિડના ઔદ્યોગિક ઉત્પાદનમાં કઈ ફૂગનો ઉપયોગ થાય છે?
(અ) યીસ્ટ (બ) એસ્પરજીલસ
(ક) પેનીસીલીન ફૂગ (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

(૯) 'એન્ટી બાયોટીક ફૂગ'ની શોધ કયા વૈજ્ઞાનિકે કરી છે?
(અ) એલેકઝાન્ડર ફલેમિંગ (બ) એડવર્ડ જેનર
(ક) બેન્ઝામીન (ડ) આર્કીમીડીઝ

(૧૦) સફરજનમાં કયો એસિડ હોય છે?
(અ) એમીનો એસિડ (બ) મેલિક એસિડ
(ક) સાઈટ્રીક એસિડ (ડ) નાઈટ્રીક એસિડ

(૧૧) કેન્સરના ઉપયોગ માટે કયું તત્ત્વ વપરાય છે?
(અ) યુરેનિયમ (બ) કોપર
(ક) કોબાલ્ટ-૬૦ (ડ) સીલીકોન

(૧૨) શરીરમાં ચરબીનું પ્રમાણ કયું કંદ ખાવાથી ઘટે છે?
(અ) લસણ (બ) ડુંગળી
(ક) સુરણ (ડ) બીટ

(૧૩) 'ટેક્સીઓલોજી' એ શાને લગતી વિજ્ઞાનની શાખા છે?
(અ) ખનીજ વિજ્ઞાન (બ) ઝેર
(ક) ભૂસ્તર વિજ્ઞાન (ડ) ધરતીકંપ

(૧૪) ખાંડને સફેદ રંગની બનાવવા કયાં કોલસાનો ઉપયોગ થાય છે?
(અ) ખનીજ કૉલસો (બ) લાકડાનો કોલસો
(ક) હેન્ડ મેડ કોલસો (ડ) પ્રાણીજ કોલસો

(૧૫) કોપર સલ્ફેટનું સામાન્ય નામ શું છે?
(અ) મોરથૂથું (બ) નવસાર
(ક) મીઠું (ડ) ફટકડી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૫ જૂન ૧૮૮૫ — વાર્ડન કલાઈડ એલી - અમેરીકન જીઓલોજીસ્ટ અને ઈકોલોજીસ્ટ, સામાજિક વર્તણુક પર વિશેષ સંશોધન કરનાર
- ૫ જૂન ૧૮૬૨ — અલવર ગુલસ્ટ્રેન્ડ - સ્વીડીશ એન્થ્રોપોલોજીસ્ટ. ૧૯૧૧માં નોબલ પ્રાઈઝ વિજેતા
- ૬ જૂન ૧૯૩૩ — હેનરીચ રોહરર - સ્વીસ ભૌતિકશાસ્ત્રી, સ્કેનીંગ ટનલીંગ માઈક્રોસ્કોપની શોધ કરનાર ૧૯૮૬માં નોબલ પ્રાઈઝ વિજેતા
- ૬ જૂન ૧૯૩૨ — ડેવિડ સ્કોટ - અમેરીકન અવકાશયાત્રી, ૩૧ જુલાઈ ૧૯૭૧નાં દિવેસ ચંદ્ર પર પ્રથમવાર પૈડાવાળું વાહન ચલાવનાર
- ૭ જૂન ૧૯૦૦ — ફેડરીક એમોન્સ ટર્મન - અમેરીકન ઈલેકટ્રીકલ એન્જીનીયર - દ્વિતિય વિશ્વયુદ્ધ દરમિયાન રડાર પર સંશોધન કરનાર
- ૭ જૂન ૧૮૯૬ — ઓટ્ટો હેનરીચ સ્કીન્ડવોલ્ફ - જર્મન પેલેન્ટોલોજીસ્ટ, દરિયાઇ જીવો અને કોરલ પર વિશેષ સંશોધન કરનાર
- ૮ જૂન ૧૯૩૬ — કેનીથ ગેડસ વિલ્સન - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, 'ટ્રાન્સફોર્મેશન ઓફ મેટર' થિયરી આપવા બદલ ૧૯૮૨માં નોબલ પ્રાઈઝ વિજેતા
- ૮ જૂન ૧૯૧૮ — જહોન ડી. રોબર્ટ - અમેરીકન રસાયણશાસ્ત્રી, 'ન્યુક્લીયર મેગ્નેટીક રીજોનન્સ સ્પેક્ટ્રોસ્કોપી'ની શોધ કરનાર
- ૯ જૂન ૧૯૧૩ — પેટ્રીક સ્ટેપ્યેઇ : બ્રિટીશ સાયન્ટીસ્ટ અને મેડિકલ રીસર્ચર, 'માનવ અંડકોષના વિકાસ' પર સંશોધન કરનાર
- ૯ જૂન ૧૯૧૨ — કેનીય એલ. પીક - અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ અને ભાષા વિજ્ઞાની, મેકસિકોની મૂળભાષા પર સંશોધન કરનાર
- ૧૦ જૂન ૧૮૬૧ — પીયર દુહેમ - ફ્રેન્ચ ભૌતિકવિજ્ઞાની તથા ગણિતશાસ્ત્રી, મેગ્નેટીઝમ પર સંશોધન કરનાર
- ૧૦ જૂન ૧૮૩૨ — નિકોલસ ઓગસ્ટ ઓટ્ટો - જર્મન એન્જીનીયર 'ફોર સ્ટોક ઈન્ટર્નલ કમ્બશન એન્જીન'ના શોધક
- ૧૧ જૂન ૧૯૧૦ — જેક્સ-યુવ-કોસ્ટસ - ફ્રેન્ચ સમુદ્રીશાસ્ત્રી અને મરીન બાયોલોજીસ્ટ, સમુદ્રી જીવો પર સંશોધન કરનાર
- ૧૧ જૂન ૧૮૮૬ — ડેવિડ બર્નાડ સ્ટેઈનમાન - અમેરીકન એન્જીનીયર, કેબલ બ્રીજના નિર્માણ માટે એરો ડાયનેમિક ડિઝાઈન્સ બનાવનાર



## ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - પાટણ જિલ્લાનું ચાણરકા કયા પ્રોજેક્ટ માટે જાણીતું છે?**

**જવાબ - સોલાર પાવર પ્રોજેક્ટ**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' - સે-૭
(૪) યુગાંધર એન. જરદોષ : સે-૨બી, ૧૪૫૯/૨
(૫) જયેન્દ્ર એન. પાઠક : ઈન્ફોસીટી જુ. સા. કૉલેજ
(૬) એન એન. પાઠક : સે-૨૨,૧૨૬/૧, ચ-ટાઈપ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**દિલ્હી રાજય સરકારના આરોગ્ય મંત્રી કોણ છે?**

**ગાંધીનગર સમાચાર**
**ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

### સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) ડ (૪) ક (૫) બ (૬) અ (૭) ડ (૮) બ (૯) અ (૧૦) બ (૧૧) ક (૧૨) અ (૧૩) બ (૧૪) ક (૧૫) અ

# સાતસો કરોડ લોકોના સ્વપ્નો સાકાર કરવા આપણી એકની એક જ પૃથ્વીની સંપદા કાળજીથી વાપરીએ...

## વિશ્વ પર્યાવરણ દિન : ૨૦૧૫

- નરેશ ઠાકર

યુએનયુનાઈટેડ નેશન્સની 'માનવ પર્યાવરણ વિષયે વર્ષ ૧૯૭૨માં, શિખર પરિષદ મળી હતી, ત્યારથી યુએનઈપી યુનાઈટેડ નેશન્સ એન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સ નામની યુએનની સંસ્થા દ્વારા દર વર્ષે પાંચમી જૂનના દિવસને વિશ્વ પર્યાવરણ દિન તરીકે વૈશ્વિક કક્ષાએ ઉજવવા કાર્યક્રમો જાહેર કરવામાં આવે છે. યુએનનો ઉલ્લેખ સંયુક્ત રાષ્ટ્રો તરીકે પણ કરાય છે.

આ વિશ્વ સંસ્થા યુએન દ્વારા આ પ્રસંગનો ચાવીરૂપ માધ્યમ તરીકે ઉપયોગ કરીને, વિશ્વ પર્યાવરણ દિનની જે તે વર્ષના થીમ કે વિષયવસ્તુને અનુરૂપ વિવિધ કાર્યો પરત્વે ધ્યાન કેન્દ્રિત કરાવવા વિશ્વ વ્યાપી જનજાગૃતિ કાર્યક્રમો યોજવા આહવાન કરવામાં આવે છે.

આ વૈશ્વિક મંચ મારફ્તે લોકો સુધી પહોંચવાના ફલકનો વિસ્તાર વીતેલા વર્ષો દરમિયાન વધ્યો છે. એક સોથી વધુ દેશોના હિતાર્થી લાખો લોકો વિશ્વ પર્યાવરણ દિનના કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યાં છે.

ચાલુ વર્ષ ૨૦૧૫ના વિશ્વ પર્યાવરણ દિનનું થીમ વિષય વસ્તું અંગ્રેજીમાં 'સેવન મિલિયન ડ્રિમ્સ. વન પ્લૅનેટ. કન્ઝ્યૂમ વિથ કૅર. જાહેર કર્યું છે. અર્થાત્ 'સાતસો કરોડ લોકોના સ્વપ્નો સાકાર કરવા આપણી એકની એક જ પૃથ્વીની સંપદા કાળજીથી વાપરીએ... એવું કહી શકાય.

સમસ્ત માનવજાત, સમગ્ર પર્યાવરણ અને સારા અર્થતંત્રના સુચારૂ સંચાલન માટે પોતીકા ગ્રહ એવી આપણી પૃથ્વી પર ઉપલબ્ધ કુદરતી સંપદાની જવાબદારી યુકત વ્યવસ્થાપન પર જ આપણે સૌ છેવટે નિર્ભર છીએ, તેવો ઘટસ્ફોટ આ થીમ મારફ્તે વ્યક્ત કર્યો છે.

આપણી પૃથ્વી નિરંતરપણે સૌને જરૂરી કુદરતી સંપદા ઉપલબ્ધ કરી શકે, તેનાથી ખૂબ વધુ પ્રમાણમાં લોકો આ સંપદા બેફામ પણે વેડફે છે, તેવા પુરાવાઓ મળ્યા છે. આ પરિસ્થિતિનો ઉત્તમ વ્યૂહ જૈવવિવિધતાના સંરક્ષણમાં પણ સમાવિષ્ટ છે.

વસ્તીની અતિ વૃદ્ધિ અને આર્થિક વિકાસના પરિણામે પૃથ્વીની ઈકોસિસ્ટમના ઘણા પરિબળો ક્ષીણ થવાના આરે કે પુનઃપલ્લવિત ન થઈ શકે તેવી નાજૂક ટોચે પહોંચી રહ્યાના હેવાલો મળ્યા છે. આગામી વર્ષ ૨૦૫૦ સુધીમાં, હાલના દરે વિશ્વ વસ્તીનો આંક નવસો સાઈઠ કરોડ વટાવી જશે, તેવી દહેશત સભર જાણ થઈ છે. વર્તમાન દરે કુદરતી સંપદાનો આપણો વપરાશ અને તેની પેદાશોના ઢાંચામાં બદલાવ નહીં કરીએ, તો આપણી હાલની જીવનશૈલી અને કુદરતી સંપદાના આવા જ વપરાશની રીતોને નિરંતરપણે નિભાવવા માટે, આપણી પૃથ્વી જેવા જ અન્ય વધુ ત્રણ ગ્રહોની જરૂરિયાત ભી થશે!!!

કુદરતી સંપદાનો સૌએ ખૂબ જ વિવેકપૂર્ણ કાળજીથી વપરાશ કરવાની આજના સમયની તાતી જરૂરીયાત છે. વિકલ્પે, પૃથ્વી પરની કુદરતી સંપદાની સીમાઓમાં રહીને જ, સૌના સ્વપ્નો સાકાર કરી શકાય, અને તંદુરસ્ત ઉજવળ ભવિષ્ય કંડારી શકાય તેમ છે. હવે, સૌએ સમજવું જોઈએ કે, માનવ સમૃદ્ધિ પૃથ્વીના ભોગે ન જ થવી જોઈએ. આ સંદેશો સૌ માટે સ્પષ્ટ અને પ્રબળ છે. આપણી દિનચર્યામાં ઓછામાં ઓછી કુદરતી સંપદાનો વપરાશ કરીને વધુ સારી રીતે જીવન માણવું, તેવી રીતને નિરંતરપણે ટકી શકે તેવી જીવનશૈલી ગણાય છે. આપણે જાણવું જોઈએ કે, આર્થિક વૃદ્ધિથી જ પરોક્ષરીતે કુદરતી સંપત્તિનો વપરાશ દર વધે છે અને તેથી પર્યાવરણ પ્રભાવિત થાય છે, તેવું હંમેશા જરૂરી નથી.

યુએનના મહાસચિવ બાન કી મૂને વિશ્વ પર્યાવરણ દિન, ૨૦૧૫ના પ્રસંગોચિત અનેરા સંદેશમાં જણાવ્યું છે કે '' વૈશ્વિક ખતરાઓ અને વલણો સામે ભલે વ્યક્તિગત નિર્ણયો ગૌણ લાગે, પરંતું જયારે કરોડો લોકો સામૂહિક હેતુના દળમાં જોડાય છે ત્યારે, આપણે ગજબના અનોખા પરિણામ લાવી શકીએ છીએ.

ચાલો આપણે, વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે મળેલ આ તક થકી આપણી પૃથ્વીની કાળજી લેવા આપણી જવાબદારી સમજીએ, અને પરિવર્તનના એજન્ટ બનીએ.

આ પ્રસંગે, વિશ્વના દેશોમાંથી લાખો લોકોએ વ્યક્તિગત અને સુઆયોજીત પર્યાવરણીય કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે.

ગત વર્ષે પણ, વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના કાર્યક્રમોમાં, યુએનઈપી ખાતે છ હજાર ચારસોથી વધુ સંસ્થાઓ/વ્યક્તિઓ મળીને પ્રતિજ્ઞાપત્રો ભર્યા હતા, ઉપરાંત, ત્રણ હજારથી વધુ નોંધાયેલ પ્રવૃત્તિઓ મળીને આશરે નવહજાર સાતસો એટલે કે ગત બે વર્ષોથી ત્રણ ઘણા વધુ કાર્યક્રમો રજીસ્ટર્ડ થયા હતા.

આપણી દરેક નાનામાં નાની પ્રવૃત્તિઓથી વૈશ્વિકસ્તરે પૃથ્વીના રખોપામાં અનોખું યોગદાન અમૂલ્ય નીવળી શકે છે, ત્યારે ચાલો, આપણે નીચે દર્શાવેલ કાર્યક્રમો/પ્રવૃત્તિઓ પૈકી અનુકૂળ કાર્યોમાં ભાગ લઈએ અથવા ઉચિત કાર્યક્રમનું આયોજન કરીએ.




આજે જ કોઈ પર્યાવરણીય પ્રવૃત્તિ કરીએ. આપણું દરેક પગલું મહત્વનું છે. પર્યાવરણની કાળજી રાખવાનો નિર્ણય કરીએ. આપણી રોજિન્દી જીવનશૈલીમાં બદલાવ લાવીને કાર્બન ફૂટપ્રિન્ટ વધતું અટકાવીએ. કાર્બન ડાયોક્સાઈડ મુખ્ય ગ્રીન હાઉસ ગેસ છે, તેનાથી વાતાવરણમાં ગરમી વધે છે. શક્યતઃ કારપૂલિંગ, મોટર વાહનને બદલે પગપાળા જવાના સરળ પગલાં લઈને વૈશ્વિક કાર્યક્રમોમાં મદદરૂપ બનીએ!

બજારમાંથી ઘર માટે ચીજવસ્તું ખરીદવા જઈએ ત્યારે પ્લાસ્ટિક બૅગને બદલે પોતાની ઈકોબૅગ અથવા બાસ્કેટનો ઉપયોગ કરીએ. મૂકરર સ્થળે પહોંચવા માટે સાયકલ વાપરીએ. આ માત્ર પૃથ્વીના રખોપા ઉપરાંત, 'સ્વ ની તંદુરસ્તી જાળવવા માટે પણ અનુકૂળ છે!

ચીજવસ્તુઓના વપરાશમાં કૌશલ્ય દાખવીએ. કચરાના આખરી નિકાલ માટેની લૅન્ડફીલમાં ઓછો કચરો નાંખવાથી હાનીકારક ગ્રીનહાઉસ ગેસ ઓછો નીકળશે. આ ગેસ પૃથ્વીના વાતાવરણને વધુ ગરમ કરે છે. કલાયમેટ ચેન્જના પરિબળોને ઘટાડવા કાર્બન ડાયોક્સાઈડની ફૂટપ્રિન્ટ ઘટાડીએ. સ્વચ્છતા અભિયાનમાં જોડાઈએ. આપણા આડોશપાડોશમાં સફાઈ અભિયાન યોજીએ. જન્મદિન પ્રસંગે ભેટ આપવા, પ્રથા મુજબ ચળકતા પેપરને બદલે કપડા કે છાપાના જૂના કાગળ, નકામા નકશા કે મેગેઝિનના કાગળમાં લપેટીએ.

આપણા મિત્રો અને સહકર્મીઓને વિશ્વ પર્યાવરણ દિનની જાણ કરીને ઉચિત પ્રવૃત્તિમાં સામેલ થવા કહીએ. આપણે ઘર, કાર્યાલય કે શાળા ખાતે કેવીરીતે વીજ બચત કરી શકીએ, તેની ચકાસણી કરીએ.

યુએનઈપી સાથે ફેસબુકના સેતૂ મારફ્તે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીની પ્રવૃત્તિઓની જાણ કરીએ. આપણી કાર્બન ફૂટપ્રિન્ટ વિષે વધુ માહિતી મેળવીએ. ધરાને ખૂબ જ અનુરૂપ એવી મુસાફરી માટે ગ્રીન પાસપોર્ટની માહિતી મેળવીએ.

આપણે કેવીરીતે હરિત પ્રવૃત્તિઓ કરી શકીએ તે માટે 'ગૂગલ માં શોધખોળ કરીએ. વિશ્વ પર્યાવરણ દિનના પ્રસંગોચિત આર્ટપ્રદર્શન, રોપારોપણ, ફૂટબોલ કે અન્ય રમતના કાર્યક્રમ યોજીએ. 'હેપ્પી પ્લૅનેટ ઈન્ડેક્ષ ની વિગતો મેળવીએ. ગ્રીન કાર્બનફૂટપ્રિન્ટ હેપ્પીનેસના ઘટકો પૈકી છે. વિશ્વ પર્યાવરણ દિનની આપણી પ્રવૃત્તિને ઈન્સ્ટાગ્રામ પર મૂકીએ.

સ્થાનિક કૉમ્યૂનિટી સેન્ટર ખાતે લોકોને કલાયમેટ ચેન્જની હાનિકારક અસરો અંગે માહિતગાર કરવા ભેગા કરીને તજજ્ઞને કલાસ લેવા કે પ્રવચન આપવા વિનંતી કરીએ. આપણા ઘરના ઉષ્મા અવરોધક પડમાં વધુ સુધારો કરીને વીજ વપરાશ તેમજ ગ્રીન હાઉસ ગેસનો ઘટાડો કરીએ.

પર્યાવરણીય પ્રવૃત્તિઓ માટે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરતા સિત્તેરથી વધુ દેશોના સમૂદાયો સાથે આપણે પણ સામેલ થઈએ. રિસાઈક્લૅબલ બૉટલ્સ અને તેના ઢાંકણામાંથી બિલ્લા બનાવી રમવા, કે બીજી કોઈ રમત કે અન્ય ક્રાફ્ટવર્કમાં ઉપયોગ કરીએ.

મુસાફરીમાં આપણો અલાયદો કપ રાખીએ. વિમાન મુસાફરીમાં પ્લાસ્ટિકના કપનો પુનઃ ઉપયોગ કરવા જણાવીએ. નિરંતર ટકાઉ જીવનશૈલી અંગે શિખીએ. આડોશપાડોશમાંથી જૂના વર્તમાનપત્રો અને બીનજરૂરી બૉટલ્સ ભેગી કરવા ઝુંબેશ કરીએ. આપણા નેટવર્કને કાર્યાન્વિત કરીને. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંગે ફેસબુક, ટ્વિટર, ઓર્કૂટ, એસએમએસ, ફોન, પત્ર કે ઈમેઈલ મારફ્તે સંદેશાઓ મોકલીએ. પર્યાવરણીય સંદેશાઓ ફેલાવવા મહત્વનું છે. આવા સંદેશા કેવીરીતે મોકલાયા તે ગૌણ છે.

વિશ્વમાં ટાપુની જેમ કોઈ જ વિખૂંટુ નથી. ટાપુવાસીઓની પર્યાવરણીય મુશ્કેલીઓ જેવી જ આપણી સમસ્યાઓ છે. માટે જ વિશ્વ પર્યાવરણ દિન અંગે આપણે જે વિગતો જાણીએ, તેની માહિતી અન્યોને આપીએ. આપણા વૉશીંગ મશીનનો મહત્તમ વપરાશ કરીએ. શક્યતઃ ગરમ પાણીને બદલે નોર્મલ પાણીનો ઉપયોગ કરીને, ઊર્જા બચત કરીએ, અને આપણાથી થતું રોજિન્દું કાર્બન ઉત્સર્જન ઘટાડીએ. વિમાનથી મુસાફરી કરવા બુકીંગ તબક્કે જ એરલાઈન્સને વિકલ્પ આપીને, જયારે જયારે શક્ય હોય ત્યારે ટ્રાવેલ પ્લાન ઓફસેટ કરીએ.

પબ્લિક ટ્રાન્સપોર્ટનો શક્યત : ઉપયોગ કરીએ. આથી, વાતાવરણમાં વધતી ગરમીના મુખ્ય સ્ત્રોત ગણાતા ખનીજ બળતણની જ માત્ર બચત થાય છે, તેવું નથી, પરંતુ, આપણા પૈસાની પણ સાથોસાથ બચત થાય છે! વિશ્વ પર્યાવરણ દિનનો લૉગો, વીડિયો, અને તેના થીમને આપણી વેબસાઈટ કે ફેસબૂક પર મૂકીને આ વાત અન્યોને જણાવીએ. વિશ્વ પર્યાવરણ દિને છોડ વાવીએ અથવા તેથી વિશેષ રોપારોપણનો કાર્યક્રમ યોજીએ! પૃથ્વી સૌની સહિયારી છે. તેનું સંરક્ષણ કરવા ચાલો, સૌ ભેળા મળી સચોટ કાર્યો કરીએ.

(અનુસંધાન પાના નં. ૬ ૫૨)

# દરેક વ્યક્તિને પોતાની રૂચિ, રસ અને પસંદગી મુજબ આગળ વધવા દેવા જોઈએ જેથી વિદ્યાર્થી લગનથી અને દિલથી મહેનત કરીને ચોક્કસ સિદ્ધિના સોપાન સર કરી પોતાના માતા પિતાને ગૌરવ અપાવશે

## વાલી જરા વિચારો
## વિચાર ચિંતન

- અસ્મિતા એ. દવે

આજ સવારથી મીનાબેનને થતું હતું કોણ મળે ને આ વાત કરું તેવું સતત વિચારતાં હતાં.

ત્યાં જ તેમના ફોનની ઘંટડી રણકી. મીનાબેન ઉતાવળે ફોન રિસીવ કરતાં બોલ્યા, 'હલ્લો' ત્યાં તો સામેથી તેમની ખાસ બહેનપણી રીનાબેનનો અવાજ સાંભળી મીનાબેન ખુશ ખુશ થઈ ગયાં. અને બોલી ઉઠ્યા. 'આજ સવાર સવારમાં તમારો મધુર અવાજ સાંભળવા મળ્યો.' 'હાં, આજ તો મને થયું કે ચાલો તમારી જોડે ગપ્પા મારીએ.'

મીનાબેન કહે, સાંભળો અમારા સંબંધી રમેશભાઈને તમે ઓળખોને? તેમની દીકરી રીમા, રીમા ધોરણ-૧૦માં સારા એવા ટકા લાવી પણ અમે તેઓનાં ઘેર ગયા તો રીમા તો સાવ મૂડલેસ, ધોરણ-૧૦માં સારા ટકાથી ઉત્તિર્ણ થઈ તેનો કોઈ આનંદ તેના ચહેરા પર જોવા મળ્યો નહીં.

રીનાબેન, 'એવું તે તમને શું લાગ્યું કે તેના ચહેરા પર કોઈ આનંદ જોવા ના મળ્યો.'

મીનાબેન કહે, એ જ તો મને જાણવાની ઈચ્છા થઈ પછી મેં રીમાને થોડે નજીક બોલાવીને પૂછ્યું - 'બેટાં તું કેમ સાવ મૂડલેસ દેખાય છે? તારું રીઝલ્ટ તો બહુ જ સરસ છે. ત્યારે રીમાએ મને જે વાત કરીને તે જાણીને મને અમુક પ્રકારના વાલીઓને શું કહેવું તે જ વિચારતી થઈ ગઈ.'

રીનાબેન, 'મીનાબેન એવું તે ખરેખર શું છે તો મનો જણાવો તો કંઈ ખબર પડે.'

મીનાબેન, - બાપડી, રીમા કહે, 'આન્ટી હું તમને જે કહું તે ધ્યાનથી સાંભળો' મેં મારી મહેનતથી ધોરણ-૧૦માં ખરેખર સારા ટકા મેળવ્યા અને હું ખુશ થઈ કે હવે હું મારા ગમતા પ્રવાસ કોર્મસ આગળ અભ્યાસ કરીને મારી ઈચ્છા મુજબ સી.એ. બનીશ. પરંતુ આન્ટી મારા મમ્મી પપ્પાની ઈચ્છા એવી હતી કે બસ મારે વિજ્ઞાન પ્રવાહમાં જ અભ્યાસ કરવાનો મારી અંદરથી નામરજી છતાં વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ લેવો પડ્યો. મને વિજ્ઞાનપ્રવાહમાં બિલકુલ અભ્યાસ કરવાની ઈચ્છા નથી. પરંતુ મારા મમ્મી પપ્પા કહે આપણા ફેમિલીમાં બધાંના સંતાનો ડૉકટર, એન્જીનીયર, થયા છે અને તું જો કોમર્સમાં પ્રવેશ લે તો અમને બધા પૂછે કે તમારી દીકરી કોમર્સમાં પ્રવેશ લીધો? ...તો અમારે તો નીચા જોણું થાય ને! આમ મારે તો મારા માતા પિતાનું સન્માન સમાજમાં જાળવવા ખાતર મારે વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ લેવો પડ્યો છે. બાકી ભગવાન જાણે અનિચ્છાએ પસંદ કરેલ પ્રવાહમાં હું કેવો દેખાવ કરીશ અને તેનું પરિણામ કેવું આવશે જે અંગે મારા વડીલ વિચારતા નથી.

ખેર, મારી મરજી મુજબનો અભ્યાસ મારા નશીબમાં નહીં હોય.'

આટલું બોલતા રીમા સાવ રડસમ થઈ ગઈ. ખરેખર તેની કારકિર્દી ઘડવામાં માતાપિતાએ સહકાર દેવાને બદલે તેની ઈચ્છાને કોર પર મૂકીને પોતાનો મોભો સમાજમાં જાળવવા દીકરીની પ્રગતિ પર છીણી મૂકવાનું કામ કર્યું.

આપણો શિક્ષિત સમાજ જેનાં અમુક ટકા આવી વિચારસરણી ધરાવતાં અને પોતાની ઈચ્છા સંતાન પર જડબેસલાક બેસાડી પોતાના સંતાનની કારકિર્દી પર કરવત ચલાવવાનું કામ કરે છે જે ખરેખર અયોગ્ય છે.

દરેક વ્યક્તિને પોતાની રૂચિ, રસ અને પસંદગી મુજબ આગળ વધવા દેવા જોઈએ જેથી વિદ્યાર્થી લગનથી અને દિલથી મહેનત કરીને ચોક્કસ સિદ્ધિના સોપાન સર કરી પોતાના માતા પિતાને ગૌરવ અપાવશે.